# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.or


જા.નં.મા-૨/૨૦૨૫ /12091 તા. ૦૯/૧૦/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
જિ.- સુરત.

**વિષય:-** શાળાઓમાં શૈક્ષણિક અને બાળકોને સારી રીતે ઘડવા, સમાજમાં સકારાત્મક ફાળો આપવા માટે મહત્વપૂર્ણ ભૂમિકા વિશે ચલચિત્ર ચિલ્ડ્રન્સ ફિલ્મ સોસાયટી, ઇન્ડિયા (CFSI) અને નેશનલ ફિલ્મ ડેવલપમેન્ટ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા (NFDC) દ્વારા બતાવવા બાબત.

**સંદર્ભ:-** કમિશનરશ્રી શાળાઓની કચેરી ગાંધીનગરનો પત્ર ક્રમાંક : COS/MIS/e-file/276/2025/1921/SECONDARY તારીખ : 07/10/2025

ઉપરોક્ત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે શ્રી રમેશ ગુંજાલ નિયામક શ્રી દિશા કિન્ડર સાયન્સ દ્વારા ગુજરાત રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ 1 થી 12 નાં વિદ્યાર્થીઓને બાળ ફિલ્મો પ્રદર્શિત કરવા અંગે માનનીય મંત્રીશ્રી શિક્ષણ સમક્ષ રજૂઆત કરેલ છે. જેનું મુખ્ય લક્ષ બાળકો માટે શૈક્ષણિક દ્રષ્ટિકોણ વાળા મનોરંજક ફિલ્મોનું ઉત્પાદન અને પ્રદર્શન કરવાનું છે અને તેમને મૂલ્ય આધારિત શિક્ષણ આપવાનું છે.

ભારતમાં આરોગ્યપ્રદ, મૂલ્યવાન મનોરંજન ફિલ્મોને વિશાળ પ્રેક્ષકો સુધી પહોંચાડવાના ઉદ્દેશ સાથે NFDC એ દિશા કિન્ડર સાયન્સને ગુજરાત રાજ્યમાં ધોરણ- 1થી 12 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને LCD/ પ્રોજેકટરો દ્વારા બાળ ફિલ્મો પ્રદર્શિત કરવા માટે સત્તા આપી છે. તો આ સંસ્થા દ્વારા નીચે મુજબની બાળ ફિલ્મો પ્રદર્શિત કરવામાં આવશે.

**ફિલ્મનું નામ - (1) બંડુ બોક્સર અને (2) સ્કૂલ ચલેગા ?**
**ટિકિટના દર - વિદ્યાર્થી બાળક દીઠ ₹ 30 થી વધુ નહીં.**
**સમયગાળો - 26/06/2024 થી 25/02/2026**
**પ્રદર્શક એજન્સી - ડીસા કિન્ડર સાયન્સ**
**ફિલ્મ નિર્દેશક - શ્રી રોમેશ ગુંજાલ**
**સંપર્ક નંબર - 9978123666**
**Email : info@dishaks.com**

જે કોઈ શાળા ઉપરોક્ત ફિલ્મ બતાવવા ઈચ્છુક હોય તેઓએ શિક્ષણના હિતને ધ્યાનમાં રાખી અને શિક્ષણ કાર્યને કોઇ અસર ન થાય તે રીતે, સ્વેચ્છાએ જોડાવા માટે ઉપરોક્ત સંપર્ક નંબર તથા ઈમેલ દ્વારા સંપર્ક કરવા આથી જણાવવામાં આવે છે.

બીડાણ -સંદર્ભ દર્શિત પત્ર.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ.સુરત

## કમિશનરશ્રી શાળાઓની કચેરી,

## બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

તમામ

વિષયઃ- શાળાઓમાં શૈક્ષણિક અને બાળકોને સારી રીતે ઘડવા, સમાજમાં સકારાત્મક ફાળો આપવા માટે મહત્વપૂર્ણ ભૂમિકા વિષે ચલચિત્ર ચિલ્ડ્રન્સ ફિલ્મ સોસાયટી, ઈન્ડિયા ( CFSI) અને નેશનલ ફિલ્મ ડેવલપમેન્ટ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા (NFDC) દ્વારા બતાવવા બાબત

સંદર્ભ: માનનીય મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગરના પત્ર ક્રમાંક: અં.મ./આ.વિ./શિક્ષણ/૨૮૫૭/૨૫, તા. ૦૨/૦૯/૨૦૨૫

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, શ્રી રોમેશ ગુંજાલ, નિયામકશ્રી, દિશા કિન્ડર સાયન્સ દ્વારા ગુજરાત રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ ૧ થી ૧૨ના વિદ્યાર્થીઓને બાળફિલ્મો પ્રદર્શિત કરવા અંગે માનનીય મંત્રીશ્રી(શિક્ષણ) સમક્ષ રજૂઆત કરેલ છે.

સદર સંસ્થાના તા. ૧૭/૦૭/૨૦૨૫ના પત્રમાં જણાવ્યા મુજબ ચિલ્ડ્રન ફિલ્મ સોસાયટી ઈન્ડીયા (CFSI) 1555માં માહિતી અને પ્રસારણ મંત્રાલય હેઠળ સ્વાયત સંસ્થા તરીકે કાર્યરત થઈ હતી, જેનું મુખ્ય લક્ષ્ય બાળકો માટે શૈક્ષણિક દ્રષ્ટિકોણવાળા મનોરંજક ફિલ્મોનું ઉત્પાદન અને પ્રદર્શન કરવાનું છે. અને તેમને મૂલ્ય આધારિત શિક્ષણ આપવાનું છે.

ભારતની અંદર આ આરોગ્યપ્રદ, મૂલ્યવાન મનોરંજન ફિલ્મોને વિશાળ પ્રેક્ષકો સુધી પહોંચાડવાના ઉદ્દેશ સાથે NFDCએ M/S DISHA KINDER SCIENCEને ગુજરાત રાજ્યમાં ધોરણ 1 થી 12માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને LCD પ્રોજેક્ટરો દ્વારા બાળફિલ્મો પ્રદર્શિત કરવા માટે સત્તા આપી છે. અને આ સંસ્થા દ્વારા નીચે મુજબની બાળફિલ્મો પ્રદર્શિત કરવામાં આવશે અને તે અંગેના ટિકિટના દર પણ નીચે દર્શાવેલ છે.

ફિલ્મનું નામ - ૧. બંટૂ બોક્સર અને ૨. સ્કૂલ ચલેગા ?

ટિકિટના દર - કરેક વિદ્યાર્થી/બાળક દીઠ રૂ. ૩૦/- થી વધુ નહિ (રાજ્ય સરકારના આદેશ/નિર્દેશ અનુસાર)

સમયગાળો- તા. ૨૬/૦૬/૨૦૨૪ થી તા. ૨૫/૦૨/૨૦૨૬

પ્રદર્શક એજન્સી - દિશા કિન્ડર સાયન્સ

ફિલ્મ નિર્દેશક નું નામ : શ્રી રોમેશ ગુંજાલ

સરકારની યોજનાઓ વિશે વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવા માટે, માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા નિર્દેશિત ભારત સરકારની ૯ વર્ષની સિધ્ધિઓ પર એક વિડિયો રજુ કરવા પણ સંસ્થા દ્વારા જણાવેલ છે. જેથી વિદ્યાર્થીઓના શિક્ષણના હિતને ધ્યાનમાં રાખી અને શિક્ષણ કાર્યને કોઇ અસર ન થાય તે રીતે સ્વેચ્છાએ જોડાવા આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

નોંધ પર મળેલ સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી(માધ્યમિક)ના આદેશાનુસાર.

1358

નાયબ શિક્ષણ નિયામક

માધ્યમિક